# કચ્છના ખાખર ગામનો શિલાલેખ.

( ૪૪૬ )

આ શિલાલેખ કચ્છ દેશમાં આવેલા 'મોટી ખાખર' નામના ગામના શત્રુંજયાવતાર નામે જૈનમંદિરમાંથી મળી આવ્યો છે. આ લેખ ગુજરાતી ભાષાંતર સાથે મુનિરાજ શ્રીહંસવિજયજી વિરચિત પ્રશ્નોત્તર પુષ્પમાલામાં પ્રથમ છાપવામાં આવ્યો છે.

લેખ આખો સંસ્કૃત ભાષામાં છે, મધ્ય ભાગમાં ત્રણ પદ્યો આપ્યાં છે, બાકીનો બધો ભાગ ગદ્યમય છે. વિ. સં. ૧૬૫૬ માં તપાગચ્છના આચાર્ય વિજયસેનસૂરિની આજ્ઞાથી પં. વિવેકહર્ષ ગણિએ કચ્છ દેશમાં વિહાર કર્યો. અને એક ચાતુર્માસ ભુજ શહેરમાં અને બીજો

* " वि. सं. १२०४ वर्षे फलवर्धिग्रामे चैत्याबिम्बयोः प्रतिष्ठा कृता । तत्तीर्थं तु संप्रत्यपि प्रासिद्धम् । " धर्मसागरगणिकृत-गुर्वावली ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાયપુર બંદરમાં કર્યું. તે દરમ્યાન તેમણે તત્કાલીન કચ્છના રાજા ભારમલ્લજીને પોતાની વિદ્વત્તાથી રંજિત કરીને તેની પાસેથી કેટલાક વિશેષ દિવસોમાં જીવહિંસા બંધ કરાવાનો અમારી પડહુ વજડાવ્યો. તથા રાવ ભારમલ્લજીએ ભુજ નગરમાં 'રાયવિહાર' નામે એક સુંદર જૈનમંદિર પણ બંધાવ્યું. ભુજ નગરથી વિહાર કરી પં. વિવેક હર્ષ ગણિ કચ્છના જેસલા નામે મંડળ (પ્રાંત)માં ગયા અને ત્યાં ખાખર ગામના સેંકડો ઓસવાલોને ધર્મોપદેશ આપી શુદ્ધ શ્રાવકના આચાર વિગેરે શિખડાવી પૂર્ણ શ્રદ્ધાવાન કર્યા. તે વખતે, ત્યાંનો આગેવાન સા૦ વયરસિંક કરીને હતો તેણે ઘંઘરગોત્રવાળા શા. શિવામેથા આદિની મદદથી તપાગચ્છના યતિઓને રહેવા માટે એક નવીન ઉપાશ્રય કરાવ્યો. તથા, ગુજરાતમાંથી સલાટોને બોલાવી કેટલીક જિનપ્રતિમાઓ તૈયાર કરાવી અને સં. ૧૬૫૭ ના માઘ સુદિ ૧૦ સોમવારના દિવસે પં. વિવેકહર્ષગણિના હાથે તેમની પ્રતિષ્ઠા કરાવી. પછી તેજ ગામના બીજા શ્રાવકોએ મળીને એક બીજું મંદિર બંધાવવું શરૂ કર્યું. જેની સમાપ્તિ સં. ૧૬૫૯ ના ફાલ્ગુણ વદિ ૧૦ ના દિવસે થઈ. તદનંતર તેજ માસની સુદિ ૧૦ ના દિવસે ઉકત પંડિતજીએ તેની પ્રતિષ્ઠા કરી અને તે મંદિરનું 'શત્રુંજયાવતાર' એવું નામ સ્થાપન કર્યું. આ પ્રમાણે આ લેખનો સંક્ષિપ્ત સાર છે. અક્ષરાર્થ ઉકત 'પ્રશ્નોત્તર પુષ્પમાલા' માં, ( જે પં. હીરાલાલ હંસરાજનો કરેલો છે ) નીચે પ્રમાણે આપેલો છે.

" વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, નાટક, સંગીત, જ્યોતિષ, છંદઃશાસ્ર, અલંકારશાસ્ત્ર, કઠિન એવાં તર્કશાસ્ત્ર, શિવમતનાં શાસ્ત્ર, જિનમતનાં શાસ્ત્ર, ચિંતામણિના મતનું પ્રચંડ ખંડન કરનારાં શાસ્ત્ર,[1] મીમાંસા શાસ્ત્ર, સ્મૃતિશાસ્ત્ર, પુરાણશાસ્ત્ર, વેદશાસ્ત્ર તથા શ્રુતિની પદ્ધતિનાં છ

---

૧. આ ભાષાંતર, અસંબદ્ધ છે. 'ચિંતામણિ અને પ્રચંડ ખંડન (એટલે 'ખંડન ખાદ્ય') શાસ્ત્ર'. એમ જોઇએ.—સંગ્રાહક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ છત્રીશ હજાર શાસ્ત્રો[1] તથા જૈન આગમ આદિક પોતાનાં અને પરના સિદ્ધાંત, ગણિતશાસ્ત્ર, તથા જાગતા એવા યવન આદિક છએ દર્શનોના ગ્રંથ તથા નિર્મલ એવાં પ્રકરણ (?) સંબંધી જ્ઞાનની ચતુરાઈવડે કરીને દલી નાખેલ છે, દુર્વાદિ મનુષ્યોનો ઉન્માદ જેઓએ; તથા બ્રાહ્મી અને ફારસી આદિક લિપિ તથા પીંછીની લીપીથી થતી વિચિત્ર પ્રકારની ચિત્રકલા તથા ઘડામાંથી અગ્નિ કહાડવા આદિકની વિધિથી અત્યંત ઉત્તમ માણસોના મનને ચમત્કાર કરનારા તથા શૃંગાર આદિક રસથી રસયુક્ત થએલા અને ચિત્ર બંધાદિ અલંકારોથી સુશોભિત એવી સંસ્કૃત ભાષામાં બનાવેલાં મનોહર એવાં નવાં કાવ્યો બનાવવાથી તથા છત્રીશ પ્રકારની રાગણીઓના સમૂહથી બતાવેલા ઉત્કૃષ્ટ ભાવવાળા રાગની મીઠાશથી સાંભળનારા માણસોને અમૃતપાન સરખાં ગીતવાલા રાસ અને પ્રબંધોથી તથા નાના પ્રકારના છંદોથી ભરેલાં પૂર્વ મહાપુરૂષોનાં ચરિત્રો તથા ન્યાયશાસ્ત્રોની ટીકા આદિક કરવાવડે કરીને તથા જેવી કહો તેવી સમસ્યા પૂરવાથી તથા વિવિધ પ્રકારના ગ્રંથો રચવાવડે કરીને તથા અનેક અને સેંકડો ગમે શ્લોકો રચવા આદિકવડે કરીને મેળવેલ છે સરસ્વતીનો પ્રસાદ જેઓએ એવા; તથા સાંભલનારાઓના કાનોને અમૃતના પારણા સમાન એવા સર્વ પ્રકારના રાગોની પરિણતિવડે કરીને મનોહર છે મુખનો શબ્દ જેમનો એવા; વળી સ્પષ્ટ રીતે આઠ અવધાનના તથા સો અવધાનના કોષ્ટકને સંપૂર્ણ કરવા આદિકની પંડિતાઈવડે કરીને ખુશી કરેલા એવા મહારાષ્ટ્ર તથા કોકણના રાજા શ્રીબુર્હાનશાહ, મહારાજ શ્રીરામરાજા, શ્રીખાનખાના, તથા શ્રીનવરંગખાન આદિક અનેક રાજાઓએ દીધેલા જીવો માટેના અમારિપટહ તથા ઘણા કેદિઓના છુટકારા આદિકના પુણ્યથી મેલવેલ છે જસવાદ જેઓએ,

---

૧. ' શ્રુતિની પદ્ધતિના છ લાખ છત્રીશ હજાર શાસ્ત્રો ' એ અર્થ બરાબર નથી. છ લાખ અને છત્રીશ હજાર એ જૈન આગમોની શ્લોકસંખ્યા છે, અટલે ' છ લાખ અને છત્રીશ હજાર શ્લોક પ્રમાણ જૈન આગમ આદિક સ્વપર શાસ્ત્ર- ' એમ ખરો અર્થ છે. **સંગ્રાહક.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા અમારા ગુરૂ મહારાજ પંડિત શ્રીવિવેકહર્ષગણિએ સંઘાડા સહિત, તેજ ગુરૂ મહારાજનો મહારાજ શ્રીભારમલ્લજીના આગ્રહયુક્ત થએલો આદેશ પામીને શ્રીભકતામર આદિકની સ્તુતિ પૂર્વક ભકિતથી પ્રસન્ન થએલા શ્રીઋષભદેવ પ્રભુના ઉપાસક એવા દેવવિશેષની આજ્ઞા-વડે કરીને પહેલો વિહાર અહીં શ્રી કચ્છ દેશમાં કર્યો. વળી તેમાં પણ સંવત્ ૧૬૫૬ વર્ષે શ્રીભુજ નગરમાં પહેલું ચોમાસું અને બીજું ચોમાસું રાયપુર બંદરમાં કર્યું. વળી તે સમયે શ્રીકચ્છ, મચ્છુકાંઠા, પશ્ચિમ પાંચાલ, વાગડ તથા જેસલા આદિક અનેક દેશના સ્વામી એવા; તથા મહારાજ શ્રીખેંગારજીની ગાદીને શોભાવનાર એવા; તથા વ્યાકરણ અને કાવ્ય આદિકોનાં પરિજ્ઞાનવાળા તથા તેવા પ્રકારની મહત્તા, સ્થિરતા તથા ધૈર્ય આદિક ગુણોવડે કરીને દૂર કરેલ છે સરસ્વતીને જેમણે એવા; તથા મહાન્ અનવસ્થા અને વિરોધનો ત્યાગ કરાવનારા અને યાદવ વંશની અંદર સૂર્ય સમાન એવા મહારાજા રાજાધિરાજ શ્રીભારમલ્લજીએ વિનંતિ કરવાથી શ્રીગુરૂ મહારાજે તેમની ઇચ્છાપૂર્વક વિહાર કર્યો. તેમજ કાવ્ય તથા વ્યાકરણ આદિ-કની ગોષ્ટીથી તથા સ્પષ્ટ રીતે અષ્ટ અવધાન આદિકનો ઉત્કૃષ્ટ પંડિતાઇનો ગુણ દેખાડવાવડે કરીને ખુશી કરેલા એવા તે રાજાએ શ્રીગુરૂમહારાજ પ્રત્યે પોતાના દેશોમાં જીવહિંસા ન થવા દેવા માટેનો લેખ કરી આપવાની કૃપા કરી. તે લેખનો ખુલાસો નીચે મુજબ છે:—

" હમેશાં ગાયની બિલકુલ હિંસા થાય નહીં; તેમજ ઋષિ પંચમી સહિત પર્યુષણના નવે દિવસોમાં, શ્રાદ્ધ પક્ષમાં, સઘલી અગ્યારસોએ, રવિવાર તથા અમાવસ્યાના દિવસોમાં, તેમજ મહારાજના જન્મ દિવસે તથા રાજ્ય દિવસે પણ સઘલા પ્રકારના જીવોની હિંસા ન થાય; એવી રીતની સર્વ દિશાઓમાં અને સર્વ જગોએ ઉદ્‌ઘોષણા કરાવી. ત્યાર બાદ એક વખતે શ્રાવણ માસનું વાર્ષિક પર્વ પાલવાની મહારાજાએ આજ્ઞા કરતે છતે બ્રાહ્મણો તે અંગિકાર ન કરવાથી તેમને બોલાવીને શ્રી ગુરૂમહારાજે શિક્ષા કરાવી તેમજ ગુરૂ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજે કહેલી શ્રાવણમાસની વાર્ષિક વ્યવસ્થાવાલી સિદ્ધાંતના અર્થો ની યુકિત સાંભલીને તુષ્ટમાન થયેલા રાજાએ શ્રી ગુરૂમહારાજ પ્રત્યે મહેરબાની પૂર્વક પોતાની મોહોર છાપવાલાં સાત જયપાત્રો આપ્યાં અને પ્રતિપક્ષીને પરાજિત પત્રો એટલે હારવાનાં પત્રો આપ્યાં અને તેવી રીતથી રાજનીતિ બતાવીને રાજાએ પોતાનો ઉત્તમ પ્રકારનો ન્યાયધર્મ શ્રીરામની પેઠે સત્ય કર્યો. વળી અમારા ગુરૂમહારાજનો એટલો પ્રભાવ તો શું હિસાબમાં છે—કેમ કે જે ગુરૂમહારાજે શ્રીમલકાપુરમાં વાદ કરવાની ઇચ્છાવાલા મૂલા નામના મુનિને જીતેલો છે, તેમજ પ્રતિષ્ઠાનપુરમાં યવનોને મહોડેથી પણ શ્રી જૈનધર્મની જેમણે સ્તુતિ કરાવેલી છે; વળી એટલામાં આવી મળેલા એવા સેંકડો ગમે બ્રાહ્મણોને યુકિતઓ દેખાડીને જેમણે જીતલા છે તેમજ બોરિદપુરમાં વાદીઓના ઉપરી એવા દેવજીને જેમણે મૌન કરાવેલું છે. ૧. વળી જેમણે જૈનની ન્યાયવાણીથી દક્ષિણદેશમાં આવેલા જાલણા નગરમાં વિવાદપદવી પર ચડાવીને દિગંબરાચાર્યને કહાડી મુકેલો છે, તેમજ રામરાજાની સભામાં જેમણે આત્મારામ નામના વાદીશ્વરને હરાવેલો છે, એવા તે ઉત્તમ બુદ્ધિવાલા શ્રી વિવેકહર્ષ ગણિ મહારાજ પાસે રાજા પણ શું હિસાબમાં છે. ૨. વળી અમારા શ્રી ગુરૂમહારાજના મુખમાંથી નીકળેલા મહાન શાસ્ત્ર રૂપી અમૃતના સાગરમાં લીન થએલા શ્રી ભારમલ્લજી મહારાજાએ શ્રી ઋષભદેવ પ્રભુની ઘણી માન્યતા ધારણ કરી. તથા તેમની ભકિત માટે તે શ્રીભારમલ્લજીએ ભુજ નગરમાં રાજ વિહાર નામનું અત્યંત અદભુત શ્રીજિનેશ્વરનું મંદિર બંધાવ્યું. ૩.

હવે સં. ૧૬૫૬ની સાલમાં શ્રી કચ્છદેશની અંદર રહેલા જેસલા મંડલમાં વિહાર કરનારા શ્રી ગુરૂમહારાજે ઘણાંક ધન્ય ધાન્યોથી મનોહર થએલા એવા શ્રી ખાખર ગામને પ્રતિબોધીને સારી રીતનું ધર્મક્ષેત્ર બનાવ્યું કે જ્યાંના રાજા મહારાજા શ્રી ભારમલ્લજીના ભાઈ કુંવર શ્રી પંચાણજી હતા કે જેમણે મદયુકત અને પ્રબળ પરાક્રમે કરી દિશાચક્રને દબાવ્યું હતું તથા જે સૂર્ય સરખા પ્રતાપ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેજ વાલા હતા. વળી જેમની પટરાણી પુષ્પાંબાઇ આદિકો હતી, તથા તેમના પુત્રો કુંવર દુજાજી, હાજાજી, ભીમજી, દેસરજી, દેવોજી તથા કમોજી નામના હતા કે જેઓ શત્રૂઓ રૂપી હાથિઓની શ્રેણિને હરાવવામાં કેસરીસિંહ સરખા હતા.

વળી ત્યાં રહેલા સેંકડો ગમે ઓશવાલોનાં ઘરોને પ્રતિબોધીને તથા શ્રાવક સંબંધી સઘલી સામાચારી શીખવીને તેમને ઉત્કૃષ્ટ શ્રાવક બનાવ્યા. વળી ત્યાં ભદ્રીકપણું, દાન તથા શુરાપણું આદિક ગુણોથી ઉપાર્જન કરેલા યશના ફેલાવારૂપી કપુરના સમૂહથી સુગંધ યુકત કરેલ છે બ્રહ્માંડભાંડ જેમણે એવા શા. વયરસી નામના ગામના પટેલને તેના કુટુંબ સહિત શ્રી ગુરૂમહારાજે એવો તો પ્રતિબોધ આપ્યો કે જેથી તેણે ઘંઘરગોત્રીય શા. શિવા પેથા આદિક સહિત શ્રી તપાગચ્છની રાજધાની સરખો નવો ઉપાશ્રય બનાવ્યો તેમજ શ્રી ગુરૂમહારાજના ઉપદેશે કરીને જ ગુજરાતની ભૂમિમાંથી સલાટોને બોલાવીને શા. વયરસીએ શ્રી સંભવનાથજીની પ્રતિમા કરાવી ૧, તથા તેના શા. સાયર નામના પુત્રે શ્રી આદિનાથની પ્રતિમાં કરાવી ૨, તથા શા. વીજા નામના પુત્રે શ્રી વિમલનાથપ્રભુની પ્રતિમા કરાવી. વળી તેની પ્રતિષ્ઠા ( અંજનશલાકા ) તો શા. વયરસીએ જ સંવત ૧૬૫૭ ની સાલમાં મહા સુદિ ૧૦ સોમવારે શ્રીતપાગચ્છનાયક ભટ્ટારક વિજયસેન સૂરિ ગુરૂમહારાજના હુકમથી અમારા ગુરૂ શ્રીવિવેકહર્ષ ગણિના હાથેજ કારાવી છે. ત્યાર બાદ આ દેરાસર પણ અમારા ગુરૂના ઉપદેશ વડે કરીને જ ફાગણ વદી ૧૦ મે ઉત્તમ મુહૂર્તે ઉપકેશ ગચ્છના ભટ્ટારક શ્રી કકક્સૂરિએ બોધેલા શ્રી આણંદકુશલ શ્રાવકે ઓશવાલ જ્ઞાતિના પારિખ ગોત્રવાલા શા. વીરાના પુત્ર ડાહા, તેના પુત્ર જેઠા, તેના પુત્ર શા. ખાખણ, તથા તેના પુત્રરત્ન શા. વયરસીએ; તથા પુત્ર શા. રણવીર, શા. સાયર, શા. મહિકરણ; તથા વહુઓ ઉમા, રામા અને પુરી; તથા પૌત્ર શા. માલદેવ, શા. રાજા, ખેતલ, ખેમરાજ, વણવીર, દીદા તથા વીરા આદિક કુટુંબ સહિતે પ્રારંભ્યું. વળી ઘંઘરગોત્રવાલા અને પુનમીયા કુલગુરૂ ભટ્ટારકની નિશ્રાથી શ્રા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વક થએલા એવા શા. કંથડના પુત્ર શા. નાગીયા તથા મેરગ નામના સગા ભાઈઓ, પુત્ર પાંચાસા સહિત તેમાં મદદ કરનાર હતા, અને તેમણે રાજાની નિર્મળ કૃપાથી કુટુંબ સહિત તેમાં મદદ કરેલી છે. આ શત્રુંજયાવતાર નામનું દેરાસર છે. સંવત ૧૬૫૭ ના ફાગુણ વદિ ૧૦ મે પ્રારંભેલું છે તથા સંવત ૧૬૫૯ ના ફાગુણ શુદી ૧૦મે અહીં સંપૂર્ણ થયું છે. વળી તેથી આનંદથી કચ્છદેશના શણગાર રૂપ એવા શ્રી ખાખર નામના નગરમાં કલ્યાણ થયું છે. સંવત ૧૬૫૯ ના ફાગુણ સુદી ૧૦મે પંડિત શ્રી વિવેકહર્ષ ગણિએ આ જિનેશ્વર ભગવાનના તીર્થરૂપ મંદિરની પ્રતિષ્ઠા કરેલી છે, અને આ પ્રશસ્તિ વિદ્યાહર્ષગણિએ રચેલી છે. સંવત વિક્રમનો જાણવો. ”

આ લેખની અંદર વચ્ચે જે ત્રણ કાવ્યો આપ્યાં છે તેમાં છેવટનાં કાવ્યમાં જણાવવામાં આવ્યું છે કે રાજા ભારમલ્લજીએ ભુજ નગરમાં ‘ રાયવિહાર ’ ' નામે આદિનાથનું મંદિર બંધાવ્યું હતું. તે મંદિર આજે પણ ભુજ શહેરમાં વિદ્યમાન છે અને તેની અંદર તે વિષેનો એક શિલાલેખ પણ મોજુદ છે જેનો સાર ઉપર્યુકત ‘ પ્રશ્નોત્તર પુષ્પમાળા ’ માં આપેલો છે. આ લેખ સાથે તે સારનો કાંઇક સંબંધ હોવાથી તેમજ કચ્છના જૈન ઇતિહાસ માટે તે મહત્વનો હોવાથી અત્ર આપવામાં આવે છે. ઉકત પુસ્તકના પ્રણેતા મુનિવર લખે છે કે—

“ શ્રી કચ્છદેશના શિરતાજ ભુજ શહેરમાં આવેલા ઋષભ દેવ સ્વામીના ચૈત્યમાં એક કાવ્યબંધ પ્રાચીન શિલાલેખ છે. તેના કેટલાએક અક્ષરો ભ્રાંતિવાળા હોવાથી તેનો કિંચિત્તાત્પર્યાર્થ ઇહાં આપીએ છીએ. ”

“ પ્રથમના કાવ્યમાં જૈનેંદ્રની જાગ્રત્ જ્યોતિની ઉપાસના કરી છે. બીજા કાવ્યમાં કુલદીપક શ્રી ખેંગાર નરેશ્વરની તારીફ કરી છે. ત્રીજાથી આઠમા સુધીનાં કાવ્યોમાં યાદવવંશીય ભારમલ્લ ભૂપાલ અને તેમના પુત્રોની કારવાઇનું બહુ રસિલું વર્ણન કરેલું છે. નવમા કાવ્યમાં શ્રી ભારમલ્લજીએ તપાગચ્છીય શ્રીવિવેકહર્ષ મહાર્ષિંને તેડાવી તેમની પાસે ધાર્મિક કથા કરાવી તેનું, તથા તે મહર્ષિંના અષ્ટાવધાનાદિ પ્રાજ્ઞ-

૪૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાના ગુણથી અને તેમની અકલ દોલતથી રંજિત થએલા તે કદરદાન રાજાએ સંપૂર્ણ દેશમાં ગોવધ બંધ કરાવ્યો તેનું, તથા જૈનોના દિલોજાની આવકારદાયક પર્યુષણાદિ પર્વમાં સર્વ પ્રાણીઓનો છુટકો કરાવ્યો તેનું બ્યાન કરેલું છે. દશમા કાવ્યમાં ખુશનશીબ ભારમલ્લજીએ જીવોના જાન બચાવવા ભૂતલ ઉપર કરેલું અભયદાન વર્ણવેલું છે. અગિયારમા કાવ્યમાં ભકિતભાવનો દાવો કરનાર એવા તે રાજાએ ભકિત માટે મોટા પાયાપર કરાવેલા અદ્ભુત રાજવિહાર નામના શ્રી યુગાદિ પ્રભુના પ્રાસાદની નોંધ લીધી છે. બારમા કાવ્યમાં શ્રીનાભેય જિનની તથા ચિંતામણિ પાર્શ્વનાથની તથા શીતલનાથજીની મૂર્તિઓ કરાવી નિર્મલ બુદ્ધિવાલા અને મૂર્તિપૂજાના હિમાયતી એવા તે રાજાએ શ્રી વિવેકહર્ષગણિની ઉપદેશપ્રથાને સફળ કરી પૂજ્યબુદ્ધિ બતાવી તે વર્ણવેલી છે. તેરમા કાવ્યમાં શ્રી તપાગણગગનાંગણમાં ગગનધ્વજ જેવા શ્રીવિજયસેનસૂરીશ્વરના પ્રસાદથી શ્રીવિવેકહર્ષ વિદ્વદ્વરે ભૂપને પ્રતિબોધ આપ્યો તેની સૂચના કરી છે. ચૌદમા કાવ્યમાં રાયવિહારનો નિર્માણકાલ જાહેરની જાણ માટે મૂકતાં સંવત્ ૧૬૨(૫?)૮ * ના શ્રાવણ માસની અજવાલી પાંચમ

---

* આ સંવત્ ભ્રાંતિવાળો જણાય છે, કારણ કે ઉપરના લેખમાં જણાવ્યા પ્રમાણે સંવત્ ૧૬૫૬ માંજ પ્રથમ વિહાર વિવેકહર્ષગણિએ કચ્છ દેશમાં કર્યો હતો તેથી તેની પહેલાં—અને આ સંવત્ તો ઘણોજ પાછળ એટલે ૨૮ વર્ષ જેટલા દીર્ઘકાલ પૂર્વે જાય છે તેવા જૂના વખતે—ઉકત મંદિરનું બનવું અસંભવિત અને અસંબદ્ધ છે. બીજી ઐતિહાસિક હકીકતો સાથે પણ તે બંધ બેસતો નથી. ડૉ, બર્જેસ ( જુઓ, આ. લૉ. સ. ઑફ વે. ઈ. કચ્છ અને કાઠિયાવાડ; પૃ ૨૦૦ ) ની નોંધ પ્રમાણે રાજા ભારમલ્લ–જેણે પ્રસ્તુત મંદિર બાંધ્યું હતું–સંવત્ ૧૬૪૨ માં ગાદિએ આવ્યો હતો. તેથી સં. ૧૬૨૮ માં તેનું રાજ્ય ન હોઇ શકે. તેમજ આ ' લેખ–સાર ' માં આચાર્ય વિજયદેવસૂરિનું પણ નામ છે. તેમને આચાર્ય પદવી સં. ૧૬૫૬ માં મળી હતી, ( विजयप्रशस्तिकाव्य ૧૭–૪૭ ) તેથી ઉકત સંવતમાં તેમનું પણ અસ્તિત્વ નહિ હોઇ શકે. મ્હારા વિચાર પ્રમાણે એ સંવત ૧૬૫૮ હોવો જોઇએ, અને ' ૨ ' ના અંકને ઠેકાણે ' ૫ ' નો અંક હોવો જોઇએ-સંગ્રાહક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાહેર કરી છે. પંદરમા કાવ્યમાં શ્રીભારમલ્લ ભૂપને પ્રતિબોધવા સંબંધી શ્રીવિવેકહર્ષ સુકવિની કીર્તિનું વર્ણન કરેલું છે. સોલમા અને સત્તરમા કાવ્યમાં અવધાનમાં સાવધાન એવા અક્ષરચંચુ શ્રીઉદયહર્ષજીએ નિર્માણ કરેલી પ્રશસ્તિમાં વિજયસેનસૂરીશ્વરની પાટે થએલા શ્રીવિજયદેવસૂરિનો પ્રયાસ પ્રકટ કરવા પૂર્વક પોતાના ગુરૂ શ્રીવિવેકહર્ષગણિની ભક્તિથી આ પ્રશસ્તિ બનાવી, એવું જણાવી દીધું છે. છેવટે નેક નામદાર શ્રીભારમલ્લજી મહારાજે આ પ્રાસાદનું કામ ત્યાંના પ્રતિષ્ઠિત પુરૂષ શા. તેજા શેઠ પ્રમુખ સકલ શ્રી તપગચ્છના સંઘને સ્વાધીન કર્યું, એવા અક્ષરો ટાંગી યાવચ્ચંદ્રદિવાકર આ પ્રસાદની સમૃદ્ધિ ચાહી ગદ્યબંધ સરલ અને સાદી ભાષામાં તે શિલાલેખ સંપૂર્ણ કરેલો છે. ”